**ક્રિ. કેસ નં. ૧૦૮૫/૧૯**

## :: આંક- ૧ નીચે હુકમ ::

(૧) હાલ ની ફરીયાદ ફરીયાદી એ **ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટસ એકટ ની કલમ -૧૩૮** ના ગુના સબબ દાખલ કરેલ છે. આ કામે આરોપીને પ્રોસેસ ની બજવણી થતી ન હોય તેમજ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી કોઈ પણ અત્રેની કોર્ટમાં હાજર રહેતા ન હોય, જેથી ફરીયાદી ને મુદત તા. ૦૯–૦૮–૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર રહેવા માટે નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ. સદર નોટીસ ફરીયાદીને બજી ગયેલ છે. જે નોટીસ આ કામે આંક-૦૬ થી રેકર્ડ ઉપર રજુ છે. પરંતુ ફરીયાદી કે તેમના તરફે કોઈ પણ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી ન્યાયના હીતમાં ઘણી મુદતો રાખવામાં આવેલ છે અને ફરીયાદીને એક તકના ભાગ રૂપે ફરીથી મુદત તા.૨૭–૦૨–૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર રહેવા માટે નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ. સદર નોટીસ પણ ફરીયાદીને બજી ગયેલ છે. જે નોટીસ આ કામે આંક-૦૭ થી રેકર્ડ ઉપર રજુ છે. પરંતુ ફરીયાદી કે તેમના તરફે કોઈ પણ અત્રેની કોર્ટમાં આજ દિન સુધી હાજર રહેલ નથી કે ફરીયાદ ના કામે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી ન્યાયના હીતમાં ઘણી મુદતો રાખવામાં આવેલ છે. પરંતુ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી કોઈ પણ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી કે આ કામમાં ફરીયાદ પક્ષ તરફે આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૨) જો ફરીયાદી કે તેમના તર્ફે કોઇ પણ લાંબા સમયેથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય અને કાર્યવાહી આગળ ચલાવવા કોઇ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો, તે ફરીયાદપક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારી ના કારણે ફરીયાદીની ફરીયાદ રદ થવાને પાત્ર છે.

(૩) આમ હાલની ફરીયાદ નો સમગ્ર રેકર્ડ જોતા, ફરીયાદી ને નોટીસ કાઢતાં તેની બજવણી થયેલ હોવા છતાં, ફરીયાદી કે તેમના તરફે કોઈ પણ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. ત્યારબાદ ન્યાય ના હીતમાં ઘણી મુદતો આપવામાં આવેલ છે. પરંતુ ફરીયાદી તર્ફે હાલની ફરીયાદ આગળ ચલાવવા માટે કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદી ને હાલની ફરીયાદમાં આગળની કાર્યવાહી કરવા માટે પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે. પરંતુ તેમને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં રસ નથી તેવુ ફલીત થાય છે અને સદરહું ફરીયાદ મૃત અવસ્થામાં અત્રેની કોર્ટમાં પેન્ડીગ પડી રહેલ છે. સદરહું ફરીયાદ ઘણી જુની છે.

(૪) આમ, ઉપરની તમામ હકીકતો તથા હાલના કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, ફરીયાદી કે તેમના તરફે લાંબા સમયેથી કોઇ પણ હાજર રહેલ નથી કે હાલની ફરીયાદમાં આગળની કોઇ કાર્યવાહી કરેલ નથી. જેથી હવે વધુ મુદત આપવી તે યોગ્ય અને ન્યાયોચીત જણાતી નથી. આ સંજોગોમાં ક્રી.પ્રો.કોડ ની કલમ ૨૫૬ ની જોગવાઈ ને ધ્યાને લેતાં, હાલની ફરીયાદ રદ થવાને પાત્ર હોય, ન્યાય ના વિશાળ હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**ફરીયાદી ની ગેરહાજરી ના કારણે, હાલની ફરીયાદ ક્રી.પ્રો.કોડ ની કલમ ૨૫૬ અન્વયે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામ ના આરોપી ને ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ની કલમ ૧૩૮ મુજબ ના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

આ હુકમ **આજ તા.૨૨ મી , માહે – જુન, સને – ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :– કપરાડા**
**તારીખ :– ૨૨/૦૬/૨૦૨૬**

**(કમલેશ કિશનચંદ નાથાણી)**
**જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કપરાડા**
Code No. GJ 01449